## <u>રાજકોટના મહે. બીજા એડી. જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ મુ. રાજકોટ</u>

**ફોજદારી કેસ નં.– ૩૫૩૫૩/૨૦૨૪**
આંક – ૦૬

ફરીયાદી :– શ્રી સરકાર

વિરૂધ્ધ

**આરોપી :– વિજયભાઈ ભગવાનજીભાઈ સુરેલા,રહે. રાજકોટ**

**ગુન્હો:**–ગુજરાત નશાબંધી ધારાની કલમ:– ૬૫ (એ)(એ) મુજબ.

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે આરોપી સામે ગુજરાત નશાબંધી ધારાની કલમ:– ૬૫ (એ)(એ) મુજબની કોર્ટમાં રજુ કરેલ અને તે અંગે ઈન્સાફી કાર્યવાહી કરવામાં આવે છે.

(૨) આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપ્યાની ખાત્રી કરેલ છે.

(૩) આરોપી વિરૂધ્ધ ચાર્જફ્રેમ કરી પ્લી રેકર્ડ કરતા ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૪) આરોપીએ ગુન્હા કબુલાત પુરસીસ આપી તેમાં એવી હકીકત જાહેર કરેલ છે કે મારો આ પ્રથમ ગુનો છે. અમો સામાન્ય અને ગરીબ વર્ગના છીએ, અમારે કોઈ સ્થિર ધંધો નથી, અમો છુટક મજુરીનું કામ કરીએ છીએ, અમોને મજુરી પણ દરરોજ મળતી નથી જેથી અમો અમારું તેમજ અમારા કુટુંબનું ગુજરાન કરી શકીએ તેવી સ્થિતિમાં ન હોવાથી અજાણતા હાલનો ગુનો કરેલ છે. અમારી આર્થિક પરીસ્થિતિ સારી ન હોય ઉપરાંત રોજગાર પણ ન હોય ટ્રાયલ ચાલતા દરમ્યાન અમારે વારંવાર આવવાની જરૂર પડે ઉપરાંત વકીલ રોકીને પૈસા ખર્ચવાની જરૂરીયાત રહે અને અમોને કયારેય રોજગારી મળે છે તે પણ ખોરવાઈ જાય જે તમામ હકીકતોએ અમારો પ્રથમ ગુનો હોઈ અમો અમારી ભુલ સુધારવા માંગીએ અને કોર્ટકાર્યવાહીમાં સમય અને નાણાંનો વ્યય અમારો તથા કોર્ટનો ન થાય તેવા ઉદેશથી વિનમ્ર માફી આપવા રહેમ રાખવા અરજ ગુજારીએ છીએ.

(૫) આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાથી ખાત્રી કરવામાં આવેલ છે.

(૬) તમામ રેકર્ડ ઉપરની હકીકત લક્ષમાં લેતા આ ગુનાની ટ્રાયલ માટે હાલના કામનો સરકારી અમલદાર ફરીયાદી,સરકારી અમલદાર સાહેદ,પંચો,સરકારી અધિકારી ડોકટર સાહેદ અને સરકારી અધિકારી તપાસ કરનાર અમલદારને તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પરે પુરાવો રેકર્ડ ઉપર આવે ત્યારે આરોપીને સજા થાય. વર્તમાનમાં કોર્ટમાં પેન્ડીંગ કેસની સાથે નવા દાખલ થતા કેસોનું પ્રમાણ લક્ષમાં લેતા ટુંકમાં સમય માં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને પુરી કરવી સંભવી શકે નહી. આરોપીનો સમય,ફરીયાદ પક્ષે સરકારીવકીલનો સમય,સરકારી સાહેદો સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ વ્યતિત થાય અને ટ્રાયલને અંતે આરોપી કસુરવાર ઠરે ત્યારે સજા અંગે ન્યાયીક હુકમ કરવામાં આવે તેના બદલે જો આરોપી પ્રથમ મુદતે હાલનો ગુનો કબુલ કરે છે ત્યારે તેણે ગુના કબુલ સંદર્ભે રજુ કરેલી હકીકતોની

સાથે સરકાર તથા કોર્ટનો અને લીટીગન્ટનો જ સમય બચે છે તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં યુટીલાઈઝ કરી શકાય તેમ હોય ઉપરાંત આરોપી જયારે પસ્તાવા સાથેની ગુનાની કબુલાત કરતો હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલી તમામ હકીકતો અને તમામ પરિસ્થિતિઓને ઘ્યાને લઈ તેમજ નામદાર ગુજરાત વડી અદાલતે **<u>ગુજરાત સરકાર વિરૂઘ્ધ નટવર હીરાચન્દ્રજી ઠાકોર, ૨૦૦૫, (૧) જી.એલ.આર. ૭૦૯</u>** ના ચુકાદા માં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંત ઘ્યાને લઈ નકકી કરેલી મીનીમમ સજા કરતા ઓછી સજા કરીને મીનીમમ દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનું હિત જળવાઈ રહે તેમ હોઈ ઉપરોકત સંજોગો ઘ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી નીચે મુજબ હુકમ કરું છું. આરોપીએ ગુન્હા કબુલાત પુરસીસ આપી તેમાં એવી હકીકત જાહેર કરેલ છે કે મારો આ પ્રથમ ગુનો છે. અમો સામાન્ય અને ગરીબ વર્ગના છીએ,અમારે કોઈ સ્થિર ધંધો નથી,અમો છુટક મજુરીનું કામ કરીએ છીએ,અમોને મજુરી પણ દરરોજ મળતી નથી જેથી અમો અમારા કુટુંબનું ગુજરાન કરી શકીએ તેવી પરિસ્થિતિ સારી ન હોય ઉપરાંત રોજગાર પણ ન હોય ટ્રાયલ ચાલતા દરમ્યાન અમારે વારંવાર આવવાની જરૂર પડે ઉપરાંત વકીલ રોકીને પૈસા ખર્ચવાની જરૂરીયાત રહે અને અમોને કયારેય રોજગારી મળે છે તે પણ ખોરવાઈ જાય જે તમામ હકીકતોએ આ અમારો પ્રથમ ગુનો હોઈ અમો અમારી ભુલ સુધારવા માંગીએ છીએ અને કોર્ટની કાર્યવાહીમાં સમય અને નાણાંનો વ્યય અમારો તથા કોર્ટનો ન થાય તેવા ઉદ્દેશથી વિનમ્ર માફી આપવા અને રહેમ રાખવા અરજ ગુજારીએ છીએ.

**<u>-: હુકમ :-</u>**

બી.એન.એસ.એસ.કલમ:-૨૭૧(૧) અન્વયે તકસીરવાન ઠરાવી આરોપી **વિજયભાઈ ભગવાનજીભાઈ સુરેલા,રહે.રાજકોટ**ને ધી પ્રોહીબીશન એકટની કલમ :-૬૫ (એ)(એ) મુજબ ના ગુન્હા બદલ કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂપીયા **૨૦૦/-** અંકે કુલ રૂપીયા **બસ્સો** પુરાનો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન :- ૦૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

સદર કામે કબ્જે થયેલ મુદામાલ દારૂનો નાશ કરવો અને જો કોઈ અન્ય વચગાળાના મુદામાલ અંગે હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવો અન્યથા અપીલ સમય વિત્યા બાદ સદર મુદામાલનો નિયમાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૪ માહે,ડિસેમ્બર સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

સ્થળ:- રાજકોટ **(કુ.વિનતી)**

તારીખ:- ૧૪/૧૨/૨૦૨૪ બીજા અધિક સિવીલ જજ,રાજકોટ

યુઆઈડી:-જીજે૦૧૫૫